# સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ અંગે
# મેમોરેન્ડમ ઓફ અંડરસ્ટેન્ડિંગ

ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી તથા સૌરાષ્ટ ટ્રસ્ટની માલિકીના જન્મભૂમિ જૂથના પત્ર કચ્છમિત્ર દ્વારા આ કરાર કરવામાં આવે છે.

૧. સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-મુંબઇ દ્વારા સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ 'ક્રાંતિગુરુ શ્રી શ્યામજી કૃષ્ણવર્મા કચ્છ યુનિવર્સિટી'માં (હવેથી કચ્છ યુનિવર્સિટી તરીકે દર્શાવમમાં આવશે) શરૂ કરવા અંગે દરખાસ્ત કરેલ અને રજિસ્ટ્રાર સાથે થયેલ મિટિંગમાં ચર્ચા મુજબ નીચે મુજબની વિગતે આ કોર્સ શરૂ કરવા કચ્છ યુનિવર્સિટી તેમના પત્રાંક રેફ. નં./ક.યુ./સર્ટિફિકેટ કોર્સ/દરખાસ્ત/૨૦૨૩/૪૮૮ તા. ૧૫-૩-૨૦૨૩ દ્વારા સહમતી આપવામાં આવેલ છે.

૨. કચ્છ યુનિવર્સિટી દ્વારા સ્તાનક થયા બાદના વિદ્યાર્થીઓ માટે ૬ માસનો સર્ટિફિકેટ કોર્સ નવા શૈક્ષણિક સથ ૨૦૨૩-૨૪ એટલે કે જૂન-૨૦૨૩થી કોઇ પણ ભાષાના ભવન સાથે સંલગ્ન કરી, એટલે કે ગુજરાતી અથવા અંગ્રેજી ભાષાના ભવન સાથે સંલગ્ન કરી તે-તે વિભાગમાં આ ૬ માસનો સર્ટિફિકેટ કોર્સ શરૂ કરવામાં આવશે.

૩. સદર કોર્સ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ' તરીકે નામાભિધાન કરાશે અને ભવિષ્યમાં તે નામથી જ ચલાવવામાં આવશે. નામમાં યુનિવર્સિટી સત્તાવાળાઓ ભવિષ્યમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટની લેખિત મંજૂરી સિવાય કોઇ ફેરફાર કરી શકશે નહીં.

૪. આ કોર્સ કોઇ પણ શાખાના સ્નાતક થયા પછીના વિદ્યાર્થીઓ માટે જ રહેશે.

૫. આ કોર્સ શરૂ કરવા, તેને ચલાવવા, વિદ્યાર્થીઓ મેળવવા, તેના પાસેથી ફી વસૂલ કરવા, તે માટે જરૂરી સ્ટાફ ફાળવવા, કોર્સના ક્લાસીસ માટે જગ્યા ફાળવવા, કોર્સ ચલાવવા, વિદ્યાર્થીઓને શિક્ષણ આપનાર માટે અધ્યાપક કે વ્યાખ્યાતાની વ્યવસ્થા કરવા, ફાળવેલ સ્ટાફ, વ્યાખ્યાતાઓને મહેનતાણું આપવા, ક્લાસીસનું સંચાલન કરવા, પરીક્ષાની તારીખો નક્કી કરવા, પ્રશ્નપેપર તૈયાર કરવા, પરીક્ષાનું સંચાલન કરી પરિણામ આપવા, ઉત્તીર્ણ થયેલ તમામ વિદ્યાર્થીઓને સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ થયા અંગેનું કચ્છ યુનિવર્સિટી તરફથી પ્રમાણપત્ર આપવાની સંપૂર્ણ જવાબદારી કચ્છ યુનિવર્સિટીએ નિભાવવાની રહેશે.

૬. આ કોર્સ માટે ૩૦ વિદ્યાર્થીઓને એડમિશન આપવામાં આવશે તેવું પ્રાથમિક રીતે નક્કી થયેલું છે. વધુ સંખ્યા યુનિ. નક્કી કરશે. સદર કોર્સની ફી યુનિવર્સિટી દ્વારા નક્કી કરવામાં આવશે અને તે અંગેની પહોંચ પણ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવશે.

૭. આ કોર્સ ચલાવવા માટે થનાર વહીવટી ખર્ચનો ૫૦% હિસ્સો કચ્છ યુનિવર્સિટી ભોગવશે. જ્યારે બાકી ૫૦% હિસ્સો સૌરાષ્ટ્ર ટ્રસ્ટ દ્વારા અનુદાનિત કરવામાં આવેલ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્ર પત્રકારિત્વ સર્ટિફિકેટ કોર્સ' નામના ફંડના વ્યાજમાંથી દર માસે કરવાનો રહેશે. કોઇ સંજોગોમાં આ વ્યાજમાંથી

(પાછળ)

KUTCHMITRA * BHUJ *

Krantiguru Shyamji Krishnavarma Kutch University * Bhuj - Kutch 370001

૫૦% ખર્ચને પહોંચી ન વળાય તો બાકીના ખર્ચની વ્યવસ્થા યુનિવર્સિટીને સ્વભંડોળ અથવા ફી વધારો કરીને મેળવવાની રહેશે. આવા સંજોગોમાં સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વધારાનું કોર્પસ ફંડ ફાળવશે નહીં.

૮. કચ્છ યુનિવર્સિટી આ આપવામાં આવેલ કોર્પસ ફંડની મૂળ રકમમાંથી પોતાના ખર્ચ માટે રકમ ઉપાડી શકશે નહીં. કોઇપણ સંજોગોમાં આ ફંડની રાષ્ટ્રીયકૃત બેંકમાંથી કરાવવામાં આવેલ ફિક્સ્ડ ડિપોઝિટ તોડવામાં આવશે નહીં કે બેઝિક રકમ કોઇપણ હેતુ માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટની લેખિત' મંજૂરી વિના ઉપયોગ કરી શકશે નહીં.

૧૦. કચ્છ યુનિવર્સિટી અને સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વચ્ચે આ 'સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્ર સર્ટિફિકેટ કોર્સ' માટેનો કરાર કરવામાં આવેલ છે. આ કરારમાં કોઇ શરતો / અધિકાર રહી હોય અને વિવાદ ઉત્પન્ન થાય તો ભારતીય કરારનો કાયદો તથા પબ્લીક ચેરિટેબલ ટ્રસ્ટ એક્ટની જોગવાઇને અનુસરવાનું રહેશે.

૧૧. કચ્છ યુનિવર્સિટી દ્વારા દર વર્ષે કેટલા વિદ્યાર્થીઓએ એડમિશન લીધું અને આ કોર્સમાં કેટલા વિદ્યાર્થીઓ ઉત્તીર્ણ થયા તેની માહિતી સૌરાષ્ટ્ર ટ્રસ્ટને આપવાની રહેશે.

૧૨. પ્રવર્તમાન સમય/નિયમ અનુસાર આ કોર્સ શરૂ કરવા માટે કચ્છ યુનિવર્સિટી સત્તાવાળાઓએ જે-જે કાયદાકીય અને વહીવટી પ્રક્રિયા કરવાની હોય તે તમામ નિયમિત નિયમાનુસાર કચ્છ યુનિવર્સિટીએ પૂર્ણ કરી તે મુજબ કોર્સ ચલાવવાનો રહેશે.

૧૩. આ કોર્સમાં એડમિશન માટે ડોનરની ત્રણ સીટ અનામત રાખવાની રહેશે, જે માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-કચ્છમિત્રની અધિકૃત વ્યક્તિની ભલામણ પત્રના આધારે આપવાની રહેશે.

૧૪. કોઇ પણ વિવાદ માટે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ-મુબંઇ રહેશે.

આ કોર્સ બાબતે જરૂર પડ્યા કચ્છમિત્રના સ્થાનિક-વહીવટી અધિકૃત અધિકારી સાથે સમયાંતરે પરામર્શ કરવાનો રહેશે.

આ કોર્સના સર્ટિફિકેટ વિતરણ / પ્રોસિજર સમયે સૌરાષ્ટ્ર ટ્રસ્ટ કચ્છમિત્રના પ્રતિનિધિને હાજર રાખવાના રહેશે.

ભુજ, તા. ૨૩-૩-૨૦૨૩

(સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી અધિકૃત અધિકારી)

(વાઇસ ચાન્સેલર-કચ્છ યુનિવર્સિટી)

(સૌરાષ્ટ્ર ટ્રસ્ટ વતી અધિકૃત અધિકારી)

રજિસ્ટ્રાર,
(કચ્છ યુનિવર્સિટી)

KUTCHMITRA BHUJ

Krantiguru Shyamji Krishnavarma Kutch University
Bhuj - Kutch
370001